ઉત્તરાખંડમાં મૃત્યુ આંક ૧૫૦૦૦ પહોંચવાની શક્યતા

દહેરાદૂન,તા. ૨૫

ઉત્તરાખંડમાં હજુ પણ ૮૦૦૦ લોકો અટવાયેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જો કે ફરી એકવાર વાદળ ફાટવાની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આમા વધુ ત્રણ લોકોના મોત થયા છે. બચાવ અને રાહત કામગીરી આડે ભારે વરસાદના કારણે અડચણો આવી રહી છે છતાં યુદ્ધના ધોરણે કામગીરીના પરિણામે વધુ ૧૪૨ના મૃતદેહ હાથ લાગ્યા છે જેમાં કેદારનાથમાંથી ૧૨૭ના મૃતદેહ મળ્યા છે આની સાથે જ મોતનો આંકડો સત્તાવારરીતે ૮૩૦ ઉપર પહોંચ્યો છે. તહેરી જિલ્લામાં ભેખડો ધસી પડવાના કારણે ત્રણના મોત થયા છે. જોષીમઠમાં બચાવ કામગીરીને રોકવાની ફરજ પડી છે. દેવપ્રયાગમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. આ ઉપરાંત રૂદ્રપ્રયાગમાં અગસ્તમુનિમાં ભારે વરસાદ થયો છે. ઉત્તરપ્રદેશમાં જુદા જુદા જિલ્લામાં વધુ મૃતદેહ મળી આવ્યા છે. હેલિકોપ્ટરની સેવા મારફતે મોટી સંખ્યામાં લોકો બચાવાયા છે. ઉત્તરાખંડના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રધાન યશપાલ આરિયા દ્વારા મોતનો આંકડો ૫૦૦૦થી ઉપર હોઈ શકે છે તેવી વાત કરવામાં આવ્યા બાદ હવે બચાવ અને રાહત કામગીરીમાં સમેલ લોકોનું કહેવું છે કે અંતિમ મોતનો આંકડો ઉત્તરાખંડમાં ૧૦૦૦૦થી ૧૫૦૦૦ પણ ઉપર રહેશે. દરમિયાન હજુ પણ ૮૦૦૦થી વધુ લોકો અટવાયેલા હોવાના અહેવાલ મળ્યા છે. તહેરીમાં વાદળ ફાટવાની ઘટના બની છે. જેમાં ત્રણ લોકોના મોત થયા છે. તહેરીના ડેપ્રયાસ વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટના આજે સવારે ૬.૩૦ વાગે બની હતી. સેના, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, ભારત તિબેટ બોર્ડ પોલીસની ટીમ પણ બચાવ કામગીરીમાં લાગેલી છે. બચાવ અને રાહત ઓપરેસનમાં સામેલ તમામ લોકો આ પ્રકારનો અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે ખૂબ મોટી કુદરતી હોનારત થઈ છે. ઉત્તર કાશી-કેદારનાથ પટ્ટામાં રાહત અને બચાવ ઓપરેશનના એક વર્ગ ઉપર નજર રાખી રહેલા વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે જો અંતિમ મોતનો આંકડો ૧૦,૦૦૦થી ૧૫૦૦૦ ઉપર રહેશે તો તેમને આશ્ચર્ય થશે નહં. તેમને કહ્યું છે કે તેમની ટીમને જુદા જુદા વિસ્તારોમાં સૈકડો મૃતદેહો દેખાઈ રહ્યા છે અને મળી રહ્યા છે. રાજ્યના ગ્રામીણ અને દૂરગામી વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. વાસ્તવિકતા તો એ છે કે હરિદ્વારમાં ૫૦ મૃતદેહો પાણીમાં મળી આવ્યા સંકેત મળે છે કે સૈકડો મૃતદેહો પાણીના પ્રવાહમાં અન્યત્ર જતા રહ્યા છે. બચાવ ટીમનો હિસ્સો રહેલા અન્ય અધિકારીઓએ પણ આવો જ મત આપ્યો છે. ઉત્તર કાશી-ગૌરીકુંડ પટ્ટામાં ઓપરેશન ઉપર નજર રાખતા ટીમના સ્થાનિક લોકો કહી ચૂક્યા છે કે બચાવ કામગીરી શરૂ થયા બાદથી જ મૃતદેહો હાથ લાગી રહ્યા છે. તેમની ટીમ લોકોની મદદ કરી રહી છે. હજુપણ મોટી સંખ્યામાં લોકો અટવાયેલા છે. કેદારનાથની આસપાસ જ ૧૦૦૦ મૃતદેહો સ્થાનિક લોકો જોઈ ચૂક્યા છે તેવી વાત પહેલા પણ સપાટી ઉપરઆવી ચૂકી છે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભગતસિંહ કોશીયારીનું કહેવું છે કે અંતિમ મોતનો આંકડો હજારોમાં રહેશે. તેઓએ ૬૦૦૦થી ૧૦૦૦૦ મોતનો આંકડો રહેવાની વાત કરી છે. તેમને એમ પણ કહ્યું છે કે છેલ્લા થોડાક દિવસમાં તેઓ ૫૦૦થી વધુ મૃતદેહ નિહાળી ચૂક્યા છે. તેમનું કહેવું છે કે વન્ય અને ગ્રામીણ વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો અટવાયેલા છે. બચાવ અને રાહત કામગીરીમાં હજુ ઘણા દિવસ લાગશે. કારણ કે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનની સ્થિતિ સર્જાયેલી છે.

ગૌરીકુંડ નજીક વાયુદળનું હેલિકોપ્ટર ક્રેસ થતાં ૮ના મોત

ઉત્તરાખંડમાં બચાવકાર્યમાં કાર્યરત એરફોર્સનું એક હેલિકોપ્ટર એમઆઈ ૧૭ મંગળવારે સાંજે તૂટી પડયું હતું. વાયુસેનાના પ્રવક્તાના જણાવ્યા અનુસાર આ દુર્ઘટનામાં ભારતીય વાયુસેનાના પાંચ કર્મીઓ તથા ત્રણ યાત્રિકોના મૃત્યુ નીપજ્યા હતા. આ પાંચ લોકો હેલિકોપ્ટર કુનો હિસ્સો હતા. આ હેલિકોપ્ટર કેદારનાથમાં રાહત સામગ્રી પહોંચાડી પાછું ફરી રહ્યું હતું. રાહતસામગ્રીમાં ખાસ કરી મૃતકોના ક્રિયાકર્મ માટેની સામગ્રી હતી. હેલિકોપ્ટર પાછું ફરી રહ્યું હતું ત્યારે ગૌરીકુંડના ઉત્તરમાં આ દુર્ઘટના બની હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ મોટા પ્રમાણમાં ચોપર કેદારનાથ, જંગલપટ્ટી, અને ગૌરીકુંડ વિસ્તારમાં ગાઢ જંગલ તથા પહાડોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનું કામ કરી રહ્યું છે. પરંતુ છેલ્લા બે દિવસથી થઈ રહેલા મૂશળધાર વરસાદના કારણે સેનાના કાર્યોમાં વિઘ્ન ઉભું થઈ રહ્યું છે. તેમ છતાં ફસાયેલા લોકોને ધ્યાનમાં રાખીને તેમજ આ મામલાની સંવેદનશીલતાને જોતા એરફોર્સ કેલક્યુલેટેડ જોખમ લઈ રહી છે. પરંતુ મંગળવારે આ જોખમ ભયાનક સાબિત થયું અને આ દુર્ઘટનાના સમાચાર સાંભળવા મળ્યા.

રિટાયર્ડ વિંગના કમાન્ડર પ્રફુલ બક્ષીએ આ દુર્ઘટના અંગે જણાવ્યું હતું કે, હેલિકોપ્ટર તૂટી પડવાની ઘટના અત્યંત ખરાબ છે. પરંતુ ઘાટીમાં હવામાન એટલું ખરાબ છે કે ઉડ્યન જોખમી બની જાય છે. મારી એવી સલાહ છે કે આ પરિસ્થિતિમાં વિમાન દ્વારા રાહત સામગ્રી પહોંચાડવાનું કાર્ય સ્થગિત કરી દેવું જોઈએ અમારા માટે પાયલોટ અને સેનાના જવાનોના પ્રાણ ઘણા કિંમતી છે. આ દુર્ઘટના બાદ ગુમ કાશી, કેદારનાથ અને આસપાસના વિસ્તારોમાં હજુ પણ હેલિકોપ્ટર ઉડ્યન કરી રહ્યા છે. હાલ બચાવ કાર્ય જારી છે.

ઉત્તરાખંડમાં સામુહિક અંતિમસંસ્કારની વિધિ

દેહરાદૂન,તા. ૨૫

ઉત્તરાખંડમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મૃતદેહો હજુ પણ હાથ લાગી રહ્યા છે. ઉત્તરાખંડમાં હવે રોગચાળાનો ખતરો તોળાઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે કેદારનાથમાં સામુહિક અંતિમસંસ્કાર માટેની તૈયારીઓ પણ હાથ ધરાઈ છે. ઉત્તરાખંડ હોનારતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ અને અંતિમસંસ્કાર માટે પ્રયાસો હાથ ધરાયા છે. અહેવાલ મુજબ સત્તાવાળાઓએ કેદારનાથમાં માર્યા ગયેલા લોકો માટે સૌથી પહેલા સામુહિકરીતે અંતિમસંસ્કાર કરવાની તૈયારી હાથ ધરી છે. આના માટે ધાર્મિક વડાઓ પાસેથી પરવાનગી પણ સરકારે માંગી લીધી છે. સુકા લાકડા અને ઘીના ટ્રક કેદારનાથમાં મોકલવામાં આવી ચુક્યાછે. ડીએનએ સેમ્પલ એકત્રિત કરાયા બાદ અને મૃતદેહની ઓળખવિધિ બાદ અંતિમસંસ્કાર કરાશે. અસ્થિઓ મોડે સુધીમાં સગાસંબધીઓને આપવામાં આવશે.

શેરબજારમાં રિકવરી : સેન્સેકસ ૮૮ પોઈન્ટ સુધરીને ૧૮૬૨૯ની સપાટીએ

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે ફરી એકવાર રિકવરીની સ્થિતિ જોવામળી હતી. કારોબારના અંતે સેન્સેકસ ૮૮ પોઈન્ટ સુધરીને ૧૮૬૨૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નીફ્ટી ૧૯ પોઈન્ટ સુધરીને ૫૬૦૯ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો.

શેરબજારમાં આજે રિકવરી થતા કારોબારીઓમાં નવી આશા જાગી હતી. યુરોપમાં તેજી અને રિઝર્વ બેંક તરફથી ખાતરી આપવામાં આવ્યા બાદ બજારમાં રિકવરી નોંધાઈ હતી. મોડેથી ચીની શેરબજારમાં પણ રિકવરી નોંધાઈ હતી. જાપાનના નિક્કીમાં આજે ઉથલપાથલના કારોબારના અંતે ૧૩૦૦૦થી નીચી સપાટી જોવા મળી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ નફો નોંધાયો હતો. તેમાં ૧.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો જ્યારે કેપિટલ ગુડ્સ, એફએમસીજી, ઓટો, રિયાલિટી અને બેકેક્સમાં પણ સુધારો જોવા મળ્યો હતો. રિલાયન્સમાં ૧.૩ ટકાનો સુધારો નોંધાયો હતો. જ્યારે ઓએનજીસીમાં ૩.૮ ટકાનો સુધાર થયો હતો. મોઝામ્બિક ગેસ ફિલ્ડમાં વિડિયોકોનની ૧૦ ટકા હિસ્સેદારી મેળવી લેવા ઓવીએન અને ઓઆઈએલ વચ્ચે મહાકાય સમજૂતિ થયા બાદ ઓએનજીસીના શેરમાં મોટો સુધાર થયો હતો. આ સમજૂતિ ૧૪૯૦૦ કરોડ રૂપિયાની હોવાની જાણવા મળી રહ્યુ છે. ઈન્ડેક્સ હેવીવેટની વાત કરવામાં આવે તો આઈટીસી, એલએન્ડટી, ભારતી એરટેલ, એચડીએફસી બેંકમાં ૧.૪થી ૩ ટકાનો સુધારો થયો હતો.

કાબૂલમાં રાષ્ટ્રપતિ ભવન પર ત્રાસવાદી હુમલો થયો

કાબૂલ,તા. ૨૫

અફઘાનિસ્તાનના પાટનગર કાબૂલમાં તાલિબાની આતંકવાદીઓએ આજે સવારે રાષ્ટ્રપતિ ભવન અને રાષ્ટ્રીય સીઆઈએની ઓફિસ ઉપર હુમલો કરી દીધો હતો. સ્થાનિક સમય મુજબ સવારે સાડા છ વાગે કાબૂલના ખૂબ જ સુરક્ષિત વ્યવસ્થા ધરાવતા વિસ્તારમાં વિસ્ફોટ કરવામાં આવ્યા હતા અને ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. એક કલાક સુધી ગોળીબારની રમઝટ જામી હતી. આ વિસ્તારમાં અનેક દૂતાવાસ અને સત્તાવાર ઈમારતો આવેલી છે. પોલીસ સૂત્રોએ કહ્યું છે કે ભવનના વિશાળ સંકૂલના એક ગેટ ઉપર ત્રણથી ચાર હુમલાખોરો પહોંચ્યા હતા અને વિસ્ફોટકો સાથે પહોંચેલી કારને મૂકીને ફરાર થઈ ગયા હતા. આમા પ્રચંડ વિસ્ફોટ થયો હતો. કાબૂલ પોલસના વડા મોહમંદ અયુબ સલાગીએ ઘટના સ્થળ ઉપર ઉપસ્થિત પત્રકારો ઉપર વાતચીત કરતા દાવો કર્યો હતો કે જવાબી કાર્યવાહીમાં તમામ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ હુમલામાં કોઈપણ સુરક્ષા જવાન અથવા નાગરિકને ઈજા થઈ નથી. આનાથી વિશેષ માહિતી હજુ સુધી મળી શકી નથી.

રાષ્ટ્રપતિ હમીદ કરજાઈ રાષ્ટ્રપતિ ભવનમાં સવારે પત્રકાર પરિષદ આયોજન આયોજિત કરનાર હતા. પત્રકારોને આવવા માટેની સૂચના આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવન તરફ દોરી જતાં તમામ માર્ગોને બંધ કરી દેવામાં આવ્યા છે. આની આસપાસ સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવી છે. લોકોને અહીંથી દૂર ખસેડવામાં આવ્યા હતા. તાલિબાની પ્રવક્તાએ નિવેદન જારી કરીને કહ્યું હતું કે તેમના હુમલાખોરોએ આ હુમલો કર્યો છે. હુમલાખોરોની એક ટોળકીએ સીઆઈએની ઓફિસ, ભવન અને નજીકના સરંક્ષણ મંત્રાલયની ઓફિસને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. તાલિબાની હુમલા બાદ સરકાર હચમચી ઉઠી હતી. તાલિબાને હુમલાની જવાબદારી સ્વીકારીને આવનાર દિવસોમાં આવા વધુ હુમલા કરવાનીપણ ચેતવણી આપી છે.

સરકાર આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે : રાજનાથસિંહ

નવીદિલ્હી, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીએ સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન સરકાર પર આતંકવાદ પ્રત્યે નરમ વલણ અખત્યારકરવાનો આરોપ મુક્તા શ્રીનગરમાં સેનાના કાફલા પર આતંકવાદીઓએ કરેલા હુમલાનો જડબાતોડ જવાબ આપવા માટે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથ સિંહે જણાવ્યું હતું કે તેઓ આતંકવાદીઓ દ્વારા કરાયેલા હુમલાની કડક નિંદા કરે છે અને સરકાર સમક્ષ માંગણી કરે છે કે આતંકવાદીઓ વિરુદ્ધ કડક જવાબી કાર્યવાહી કરવાનું આશ્વાસન આપે. ભાજપ આ મામલામાં સરકારને સંપૂર્ણપણે સહકાર આપવા તૈયાર છે. રાજનાથે જણાવ્યું હતું કે યુપીએ સરકારના શાસનકાળમાં અવાર-

નવાર આ પ્રકારના હુમલા થઈ રહ્યા છે. પક્ષ આવા હુમલાને પહોંચી વળવા કડક વલણ અપનાવવાની માંગણી કરતો રહ્યો છે. પરંતુ સરકારે ક્યારેય તેમની માંગણીની ગંભીર નોંધ લીધી નથી.

રાજનાથે માંગણી કરી હતી કે સરકાર આતંકવાદીઓને પાઠ ભણાવવાનો સંકલ્પ કરે તથા દેશને આશ્વાસન આપે કે આ પ્રકારના હુમલા સહન કરવામાં નહી આવે.

કુદરતી આફત સામે ઝઝુમી રહેલા ઉત્તરાખંડમાં ફસાયેલા લોકોને મદદ કરવા માટેના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયત્નો અંગે કોંગ્રેસના નિવેદન સાથે સંકળાયેલા પ્રશ્ન અંગે તેમણે જણાવ્યું હતું કે આ મામલે કોઈપણ પ્રકારનું રાજકારણ રમવું જોઈએ નહીં જો કોઈ રાજ્યના નેતા આ મુશ્કેલભરી પરિસ્થિતિમાં પોતાના તરફથી રાહત તથા મદદ પહોંચાડવાનો પ્રયાસ કરે તો તેની પ્રશંસા કરવી જોઈએ. અત્રે એ ઉલ્લેખનીય છે કે શ્રીનગરમાં સેનાના કાફલા પર ગઈકાલે આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૮ જવાન શહીદ થયા હતા તથા અન્ય ૬ને ઈજાઓ પહોંચી હતી. પક્ષના નેતા પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે કોંગ્રેસ પાસે આતંકવાદને માઓવાદ વિરુદ્ધ લડવા માટે કોઈ નક્કર નીતિ નથી. સરકારે દેશની આંતરિક સુરક્ષા તથા વધી રહેલા જોખમની ગંભીર નોંધ લેવી જોઈએ.

સીબીઆઈ ટુંક સમયમાં સ્વતંત્ર બનશે : સરકાર

નવીદિલ્હી, તા. ૨૫

ટુંક સમયમાં સીબીઆઈ એક સ્વાયત્ત સંગઠન બનશે તેમાં સરકારનો કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ નહીં હોય. આ પ્રકારના સંકેત કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવ્યા છે.

નિવૃત્ત જજની એક પેનલ એ બાબત પર દેખરેખ રાખશે કે સીબીઆઈ સ્વતંત્રતાપુર્વક કામકાજ કરી રહી છે કે તેના કાર્યમાં કોઈ દખલગીરી કરી રહ્યું છે. આ પેનલને એકાંઉટિબિલી કમિટી કહેવામાં આવશે. આ બાબતની માહિતી કેંન્દ્રિય કાયદા મંત્રી કપિલ સિબ્બલે આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે નાણાંમંત્રી પી. ચિદમ્બરમના નેતૃત્વ હેઠળ રચાયેલ મંત્રીઓનું જૂથ પોતાના તમામ પ્રસ્તાવ કેબિનેટ સમક્ષ મુકશે અમે બંધારણમાં વર્ણન કરાયેલ એ બાબતો લાગુ કરીશું કે સીબીઆઈ અને અન્ય એજન્સીઓના કામકાજમાં કોઈપણ હસ્તક્ષેપ ન કરે. સાથે સાથે એ બાબતનું પણ ધ્યાન રાખવામાં આવશે કે આવી સંસ્થાઓ સ્વતંત્રતા સહિત જવાબદારીપૂર્ણ કાર્ય કરે.

તેમણે જણાવ્યું હતું કે એ વાતનો પણ પ્રસ્તા રજુ કરવામાં આવ્યો છે કે સીબીઆઈ આર્થીક મામલામાં સ્વતંત્ર હોય સાથે સાથે જવાબદાર પણ હોય.

સીબીઆઈનો સ્વાયત્ત સંસ્થા બનાવવા માટે રચાયેલા મંત્રીઓના સમૂહમાં અધ્યક્ષ ચિદમ્બરમ સિવાય સલમાન ખુર્શીદ, સુશિલકુમાર શિંદે તથા વી. નારાયણ સ્વામીનો સમાવેશ થાય છે.

રેનબેક્સી વિરુદ્ધ દાખલ અરજીને સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી,તા. ૨૫

રેનબેક્સી લેબોરેટરી લિમિટેડને આજે મોટી રાહત થઈ હતી કારણ કે સુપ્રીમ કોર્ટે રેનબેક્સીની સામે દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી.

રેનબેક્સી લિમિટેડની સામે નબળી દવાઓ બનાવવા અને વેચવાના આક્ષેપ કરીને એક અરજી દાખલ કરવામાં આવી હતી પરંતુ કોઈ પુરાવા ન મળવાના કારણે આ અરજીને રદ્દ કરી દેવામાં આવી છે. આ નિર્ણય છતાં જસ્ટિસ એકે પટનાયક અને જસ્ટિસ રંજન ગોગોઈની બેંચે કહ્યુ હતુ કે જો કોઈ પુરાવા મળી જશે તો ફરીથી અરજી દાખલ કરી શકાય છે. અરજીમાં આક્ષેપ મુકવામાં આવ્યો હતો કે કંપની નબળી દવાઓનું ઉત્પાદન કરે છે અને તેનું વેચાણ કરે છે. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુ હતુ કે અમેરિકી કોર્ટ દ્વારા કંપનીની સામે આપવામાં આવેલા નિર્ણયના આધાર પર આ અરજી પર નિર્ણય આપી શકાય નહીં.

મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા
ગાર્ડ તૈનાતી માટેનો ૫૦ ટકા ખર્ચ રેલવેને ઉપાડવા હુકમ

નવી દિલ્હી,તા. ૨૫

રેલવેમાં મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેના ભાગરૂપે રેલવે દ્વારા ગાર્ડની તૈનાતી પણ કરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને અન્ય પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે. મુંબઈ હાઈકોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા મહિલા યાત્રીઓની સુરક્ષાની ખાતરી કરવા ઉપનગરીય રેલવે સ્ટેશનો અને સ્થાનિક ટ્રેનોમાં વધારાના ૧૦૦ જીઆરપી હોમગાર્ડ તૈનાત કરવા માટે થનાર ખર્ચ પૈકી ૫૦ ટકા ખર્ચ ઉપાડવા રેલવેને આદેશ કર્યો હતો. આનો મતલબ એ થયો હતો કે રેલવેને જંગી ખર્ચ ઉપાડવો પડશે. ચીફ જસ્ટિસ મોહિત શાહ અને જસ્ટિસ એમએસ સંકલેચાની બનેલી ડિવિજન બેંચે અખબારોના અહેવાલના આધાર પર દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. શહેરમાં મહિલાઓની સુરક્ષા અને લોકલ ટ્રેનમાં મુસાફરી કરતી મહિલાઓની સુરક્ષાને લઈને એનજીઓ હેલ્પ મુંબઈ ફાઉન્ડેશન દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. બેંચને એડવોકેટ જનરલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે વધારાના ૧૦૦ હોમગાર્ડ માટે જીઆરપી તરફથી વિનંતી કરવામાં આવી ચુકી છે. આ વિનંતીના આધાર પર રાજ્ય સરકારે આને મંજુરી આપી છે પરંતુ ખર્ચ પૈકીનો ૫૦ ટકા ખર્ચ રેલવે ઉપાડે તે જરૂરી છે. રેલવે આ બાબત પર સહમત નથી. રાજ્ય સરકારે ૧૫૦૦ હોમગાર્ડને મંજુરી આપી હતી પરંતુ રેલવે દ્વારા ૫૦-૫૦નો ખર્ચ ઉપાડવાની શરત સ્વીકારવા ઇન્કાર કર્યો હતો જેથી આ આદેશ પાછો ખેંચી લેવાયો હતો. મહિલાઓની સુરક્ષા ગંભીર મામલો છે. રેલવેને આ ખર્ચ ઉપાડવા માટે આદેશ કરાયો છે. કોર્ટે મહિલાઓની સુરક્ષામાં તપાસ કરવા સ્થાપિત સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો સ્વીકારવામાં આવશે કે કેમ તે અંગે ૩૧મી ઓગસ્ટ સુધી નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

હવે તો વારંવાર એવું બનવા માંડ્યું છે કે ઝાડ કાપવા માટે માણસો આવે તે પહેલાં ચોકીદારો ને ઝોકું આવી જતું અને ઝાડ ગાયબ થઈ જતું હતું. હવે તો જામે સરકારની જ નહીં પણ આખા શહેર અને વૈજ્ઞાનિકોની અક્કલ પણ ઘાસ ચરવા ગઈ હોય એમ લાગતું હતું. શહેરમાં બધા એમ માનવા લાગ્યા હતા કે ગીધડાં ઝાડને લઈને ઉડી જાય છે. જો કે ગીધોની સંખ્યા જોતા આવડાં મોટા ઝાડને લઈને ઉડી જાય એ વાત માનવામાં આવે એવી ન હતી.

સાંજનો સમય હતો. હું અને અનિલ અને રાજુ બગીચાને બાંકડે બેસીને આજ વાતની ચર્ચા કરતા હતા. રાજુએ કહ્યું ગીધ પણ જબરાં કહેવાય હો. ઝાડને લઈને ઉડી જાય છે તો પછી બીજે કયાંક તેને રાખીને આરામથી રહી શકે. ફરીથી અહીંયા જ શું કામ લાવે છે. તેમણે તો આખા શહેરના નાકે દમ લાવી દીધો છે.

ત્યાં જ રસ્તે ચાલતાં એક રાહદારીએ કહ્યું. 'એને જ તો ગીધ કહેવાય.'

ત્યાં બીજો એક માણસ પણ આ ચર્ચામાં જોડાયો રાજુની વાત કાપતાં તેણે કહ્યું, 'તમારે કાર ચલાવવી હોય તો નવી જગ્યાએ નવો રોડ કેમ બનાવી લેતા નથી. આ ઝાડની પાછળ શું કામ પડ્યા છો. ગીધ પોતાની જગ્યા શું કામ બદલે?'

રાજુને તેની વાત કાપનાર પર ખુબ ગુસ્સો આવ્યો. એક તો વાતમાં કાંઇ જાણે નહીં ને વચ્ચે ડબકું મુકવા આવી ગયો હતો. પણ રાજુ જયાં આ રીતે વચ્ચે ટપકી પડેલા માણસને કંઇ જવાબ આપવા જાય ત્યાં એ માણસે બે હાથ પહોળા કર્યા અને ઉડતો ઉડતો ઝાડની ઉપરનાં ગીધના માળામાં જઈ ગુમ થઈ ગયો.

- vanvihari@gmail.com

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

કન્યા : પાર્ડન સર?? (અંદરથી અકડાઈને હમણાં કૂકરની જેમ ફાટી પડશે એવી સ્થિતિએ પહોંચતા ફરી અંગ્રેજી પર આવી ગઈ.)

આમે : એટલે આપણી મુલાકાતનો યોગ જ નથી કહો ને, મન પણ પેલી મીરાં જેવું બહાવરું હોય છે. તમારી મુલાકાતની રંગીન કલ્પનામાં ખોવાયેલું હતું, હશે મારા ભઈ!

કન્યા : સર, એટલે તમે અત્યારે કયું કાર્ડ વાપરો છો?

આમે : બીએસએનએલનું. પણ સાલું શહેરમાં તો નેટવર્ક પકડાતું નથી, આ જોને આજે ચરાડામાં આવ્યાં ત્યાં તમારો ફોન પકડાઈ ગયો, બાકી તમારો અવાજ ખુબ મીઠો છે હોં.

કન્યા : સર, હું ક્રેડિટ કાર્ડની વાત કરૂં છું.

આમે : હા, એ તો તમે ફોન ઉપાડતાં વેંત જ કીધું હતું ને?

કન્યા : સર, આય મીન તમે હમણાં કઈ બેંકનું ક્રેડિટ કાર્ડ વાપરો છો?

અમે : અરે પામોલીન તેલ બંધ થયાં પછી તો રેશનકાર્ડ વાપરવાનું ય ભૂલી ગયો છું, હમણાં પાછો આધારકાર્ડની લાંબી લાઈનમાં ઊભો રહી ચક્કર ખાઈને પડી ગયો, વિઝીટીંગ કાર્ડ છપાવ્યું નથી અને તમે ક્રેડિટ કાર્ડની પત્તર ઠોકો છો? પણ, આપણે સાચ્ચે જ નહીં મળી શકીએ? જુઓને વરસાદ પડ્યા બાદ સરિતા ઉદ્યાન લીલો થયો છે. મોર કળા કરે છે અને સ્કૂલ-કૉલેજનાં કેટલાય જોડકાઓ દુપટ્ટામાં મોઢું સંતાડીને ત્યા આવે છે, તમેય દુપટ્ટો બાંધીને આવોને, તમે કહેશો કે એ સમયે હું આવવા તૈયાર છું...

કન્યા : સર, તમારે કાર્ડ જોઈએ છે કે નહીં? મારે બીજા ગ્રાહકોનેય ફોન કરવાનાં છે. પ્લીઝ કાર્ડની જ વાત કરોને...

આમે : તમે જલ્દી અકળાઈ જાવ છો, ક્રેડિટ કાર્ડ તો લઈશું જ ને, કારણ મારે તમને કંઈક ગિફ્ટ કરવું હશે તો અન્કલ સેમ પિત્ઝા ખવરાવવવા હશે કે 'યે જવાની હે દિવાની' બતાવવું હશે તો કાર્ડ તો જોઈશ જ ને?

કન્યા : (મુંઝવણમાં મુકાઈ ગઈ) એટલે તમારે કાર્ડ લેવાનું છે અને એ પણ મારા માટે, એટલે તમે મારી સાથે ટાઈમપાસ તો નથી કરતા ને?

આમે : તમે છે ને પહેલાં તમારૂં બધું કામ પતાવી દો, મારો નંબર તો તમારી પાસે છે જ, સાંજે તમે ફ્રી પડો, એટલે મને મિસ કૉલ કરજો, હું તમને સામેથી ફોન કરીશ... પણ આપણું સરિતા ઉદ્યાનમાં મળવાનું પાક્કું અને ક્રેડિટકાર્ડથી પાર્ટીનું પણ...

(સામેથી ધડામ્ દઈને ફોન પછડાયાનો અને સાથે કંઈક અસભ્ય શબ્દોનો અવાજ આવ્યો, અમે આ છેડે હળવાફુલ થઈ એકલા એકલા ખડખડાટ હસતાં હતાં, અને ઓફિસમાં મારાં મિત્રો મેં લીધેલી પેલી કન્યાની ફિરકીથી ખુશખુશાલ થઈ ગયાં...)

ચૂંટલો :

જીવનમાં આનંદ દરેક ખૂણે અને ક્ષણે પથરાયેલો છે તમારે માત્ર એને માણતાં આવડવું જોઈએ. હવેથી કોઈ કૉલસેન્ટરોની કન્યાનો ક્રેડિટકાર્ડ માટે ફોન આવે તો કાર્ડ ના લેવું હોય તો કકળાટ કર્યા વગર એની ફિલમ ઉતારજો, આનંદ મળશે અને વળગાડ દૂર થશે.

સમાચાર ઝલક

- કાબુલમાં રાષ્ટ્રપતિ ભવન પર હુમલો.
- મુંબઇમાં પણ ભારે વરસાદ, દરિયામાં ભરતીનો ભય.
- દૂધનાં ભાવમાં ટૂંક સમયમાં વધારો થશે.
- કેદારનાથમાં સામૂહિક અંતિમ સંસ્કાર કરાશે.
- ઇજિપ્તમાં દેખાવો - લોકો રસ્તા પર...
- ચીનના રાષ્ટ્રપતિએ પોતાના અવકાશ યાત્રીઓ સાથે અંતરીક્ષમાં વાત કરી...
- કોચીન-કુવૈત હવાઇ સેવાની શરૂઆત થઇ...
- સુરતમાં આવકવેરા ખાતાએ ૩૧ બેંક લોકરો સીલ કર્યા.
- નેલ્સન મંડેલાની તબિયત ખુબ જ નાજુક, દક્ષિણ આફ્રિકામાં લોકોએ પ્રાર્થના કરી...
- ઉત્તરાખંડમાં રાહતકાર્ય વધુ ગતિ લાવવા સુપ્રીમ કોર્ટનો આદેશ.
- છત્તીસગઢ નકલસી હુમલાખોરોની ધરપકડ, મુળ ઓરિસ્સાના વતની છે...
- પાકિસ્તાનમાં નવ વિદેશી નાગરિકોની હત્યા...
- રાજ ઠાકરેને આજે દિલ્હી કોર્ટમાં હાજર થવા આદેશ...
- ઉત્તરાખંડમાં વણ ઓળખાયેલ શબાનો ડીએનએ ટેસ્ટ લેવાશે, જેથી ભવિષ્યમાં ઓળખી શકાય.
- અફઘાનિસ્તાનમાં ભારતીય દૂતાવાસ પર ખતરો, ઇન્ટેલિજન્ટ રીપોર્ટ...
- શેરબજારમાં તેજીનો રૂખ...